| | | | |
|---|---|---|---|
| રજુ થયા તારીખ | ૧૦ | ૧૦ | ૨૦૨૩ |
| દાખલ થયા તારીખ | ૧૦ | ૧૦ | ૨૦૨૩ |
| ફેસલ કર્યા તારીખ | ૦૩ | ૦૪ | ૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ | માસ | દિન |
| | **૦૨** | **૦૫** | **૨૪** |

**મહે.દહેગામના પ્રિન્સીપાલ સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.દહેગામ**

**રે.દિ.મુ.નં.૨૨૫/૨૦૨૩**
**આંક :– ૩૭**

વાદી:– નાયબ ઈજનેરશ્રી દર્શનકુમાર મધુકર મજમુદાર
(યુ.જી.વી.સી.એલ) દહેગામ (રૂરલ)
ઉ.વ.આ.૫૮, ધંધો–નોકરી,
રહે. દહેગામ, તા.દહેગામ, જિ.ગાંધીનગર.

વિરૂધ્ધ

પ્રતિવાદી:– દિલીપસિંહ ગોવિંદસિંહ બિહોલા
ઉ.વ.આ.પુખ્ત, ધંધો–ખેતી
રહે. હરસોલી, ઘંટીવાળો વાસ,તા.દહેગામ, જિ.ગાંધીનગર.

---

**બાબત:– રૂા. ૧૫૧૬૫.૫૮ ના આંકથી પૈસા વસુલ લેવા સારૂ દાવો.**

---

વાદી તરફે વિ.વ.શ્રી જે.ટી.પટેલ
પ્રતિવાદી તરફે – એકતરફી

---

**–: ઠ રા વ :–**

(૧) વાદીના દાવાની ટૂંકમાં હકીકત એવી છે કે, વાદી સંસ્થા કાયદાની વિધાનોસાર

કોર્પોરેટ સંસ્થા છે. જેની મુખ્ય ઓફીસ વડોદરા શહેર મધ્યે આવેલ છે અને ગુજરાત વિદ્યુત બોર્ડ જે ગુજરાત ઉર્જા વિકાસ નિગમ કંપનીમાં પરીવર્તન થયેલ છે અને તેના તાબામાં આવેલ સર્કલ ઓફીસ પૈકી એક સાબરમતી સર્કલ ઓફીસ આવેલ છે. જે ઉત્તર ગુજરાત વિજ કંપની લીમીટેડના નવા નામે ઓળખાય છે અને સદર સર્કલ ઓફીસના તાબામાં ડીવીઝન ઓફીસ આવેલ હોય છે. જેમાં ગાંધીનગર જીલ્લા પુરતી ડીવીઝન ઓફીસ આવેલ છે અને તેના તાબામાં સબ ડીવીઝન ઓફીસ જુદી જુદી જગ્યાએ આવેલ છે તે પૈકી એક સબ ડીવીઝન ઓફીસ દહેગામ મુકામે આવેલ છે. જેનો તમામ વહીવટ નાયબ ઈજનેરશ્રી કરે છે. વાદી સંસ્થા ગુજરાત રાજયમાં વીજ ઉત્પાદન કરી વિતરણ કરવાનું કામકાજ કરે છે અને ગ્રાહકોને વાદી બોર્ડ કેટલુક કેપીટલ ખર્ચ કરી ગ્રાહોકને વીજ વપરાશ સારું વીજ પુરવઠો જોડી આપવામાં આવતો હોય છે. આ કામના પ્રતિવાદી કે જેઓ વાદી બોર્ડના ગ્રાહક નહી અને વાદી બોર્ડના અધિકારીશ્રી મુકેશકુમાર લાલજીભાઈ ચૌધરી(ના.ઈ) દહેગામ ટાઉન તથા જે.એસ.પ્રજાપતિ(ઈ.આ.) દહેગામ ટાઉન નાઓ પ્રતિવાદીના ગામ હરસોલી મુકામે તા. ૧૩/૧૦/૨૦૨૨ ના રોજ વીજ ચેકીંગ કરતા હરસોલી ગામે હરસોલી જીવાજીની મુવાડી ગ્રુપ ગ્રામ પંચાયતની સામે દુકાનમાં દુધની ડેરી ચલાવે છે જેની અંદર તેઓએ વાદી બોર્ડની હળવા દબાણની વીજ લાઈનમાં પીળા કલરના વાયર વાળી ઓકડી મારી વીજ પાવરની ચોરી કરતા પકડાઈ ગયેલા અને ગેરકાયદેસર રીતે વીજ વપરાશ કરતા માલુમ પડેલા તે સમય ગ્ર ાહક સ્થળ ઉપર ૯ વોલ્ટની એક પી.એલ તથા ૬૦ વોલ્ટના ૧ પંખા તથા ૮૦ વોલ્ટનું એક કોમ્પ્યુટર મળી કુલ ૧૪૯ કીલો વોલ્ટ વીજ પાવરની ચોરી કરતા હતા તે સમયેખ સ્થળ ઉપર પ્રતિવાદી હાજર હતા અને જેઓએ કંપનીના ચેકીંગ અધિકારીએ તેઓનું નિવેદન લીધેલુ જેમાં પ્રતિવાદીએ સહી કરેલી અને ત્યારબાદ પ્રતિવાદીને બોર્ડના નિતી નિયમ મુજબ બિન અધિકૃત વીજપાવર વપરાશ અંગેનુ

૧૪૯ વોલ્ટ પાવરનું ૭૩૪ યુનિટનું રૂા. ૧૨૯૭૩.૧૩/– પૈસાનું પાવર ચોરીનું બીલ આપવામાં આવેલું. પ્રતિવાદીને જે બીલ તા. ૧૭/૧૦/૨૨ ના રોજ ઈસ્યુ કરવામાં આવેલ જે બીલ પ્રતિવાદીને મળી ગયેલ હોવા છતાં પ્રતિવાદીએ સદર બીલના નાણાં વાદીને ભરપાઈ કરેલ ન હોવાથી પ્રતિવાદી વિરૂધ્ધ ઈલ ે.સીટી.એકટ ૧૩૫ હેઠળ ફોજદારી ફરીયાદી એફ.આઈ.આર નં. ૭૦૨૫/૨૦૨૨ થી તા. ૨૦/૧૦/૨૨ ના રોજ દાખલ કરવામાં આવેલ ત્યારપછી પ્ર તિવાદીએ તે બીલના નાણાં વાદી કંપનીની ઓફીસમાં ભરપાઈ કરેલા નહી જેથી તા. ૧૩/૧૦/૨૦૨૨ ના રોજ ચેકીંગ શીટ પ્રમાણે પ્રતિવાદી પાસે રૂા.૧૨૯૭૩.૧ ૩/– પૈસાના પાવર ચોરીના બીલ તથા ડીલે પેમેન્ટ ચાર્જના કુલ રૂા.૨૧૯૨.૪૫/– પૈસા મળી કુલ રૂા. ૧૫૧૬૫.૫૮/– પૈસા  વાદી કંપનીના બાકી લેણા પડે છે જે અંગેની પ્રતિવાદીને તા. ૧૫/૦૪/૨૦૨૩ ના રોજ લીગલ નોટીસ આપવામાં આવેલી જે નોટીસ પ્રતિવાદીને બજવા છતાં પ્રતિવાદીએ વાદી કંપનીની લેણી પડતી રકમ રૂા. ૧૫,૧૬૫.૫૮/– પૈસા ભરપાઈ નહી કરતા જે રકમ વસુલ લેવા સારું પ્રતિવાદી વિરૂધ્ધ હાલનો દાવો દાખલ કરવાની જરૂર પડેલ છે, તેવુ જણાવી પ્રતિવાદી પાસે વાદીની લેણી રકમ દાવા તારીખથી વસુલ થતા સુધી ૨૪ ટકા પ્રમાણેના વિલંબિત ચાર્જ સહ થતી તમામ રકમ પ્રતિવાદીની જાત તથા હરેક મિલકતમાંથી વસુલ કરી લેવા માટે વાદીના લાભમાં હુકમનામું કરી આપવા, તેમજ દાવાનું તમામ ખર્ચ પ્રતિવાદી પાસેથી અપાવવા દાદ ગુજારેલ છે.

(૨) પ્રતિવાદીને વાદીના દાવા અંગેનો સમન્સ ઈશ્યુ કરવામાં આવતા, જેની બજવણી પ્રતિવાદી ને ધોરણસર રીતે જઈ જવા છતા તેઓ જાતે કે વકીલ મારફતે હાજર ન રહેતા વાદી ની આંક–૬ ની અરજી હેઠળ હુકમ કરી અને આ દાવો પ્રતિવાદી સામે એક–તરફી ચલાવવાનો હુકમ કરવામાં આવેલો.

(૩) આ દાવાના કામે વાદી તરફે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે :–

**મૌખિક પુરાવો :–**

| ક્રમ | આંક | સાહેદનું નામ |
|---|---|---|
| (૧) | ૧૨ | વાદી સંસ્થાના નાયબ ઈજનેર પ્રદિપકુમાર મહેશભાઈ તબીયારનું પુરાવાનું સોગંદનામુ |

**દસ્તાવેજી પુરાવો :–**

| ક્રમ | આંક | વિગતો |
|---|---|---|
| (૧) | ૧૪ | વાદી સંસ્થાનો પરફોમા–૧૨ |
| (૨) | ૧૫ | વાદી સંસ્થામાં પ્રતિવાદીના લેજર ખાતાની શીટ |
| (૩) | ૧૬ | પ્રતિવાદીનું સ્થળ ઉપરનું ગ્રાહકનું નીવેદન |
| (૪) | ૧૭ | પ્રતિવાદીનુ પાવર ચોરીનું પુરવણી બીલ આપેલ તેની ખરી નકલ |
| (૫) | ૧૮ | પ્રતિવાદીને પાવર ચોરી બીલ આપેલ તેની ખરી નકલ |
| (૬) | ૧૯ | પ્રતિવાદી વિરુધ્ધ પાવર ચોરીની ફરીયાદ કરેલ તેની નકલ |
| (૭) | ૨૦ | વાદી સંસ્થાએ પ્રતિવાદીને આપેલ લીગલ નોટીસ |

(૪) ઉપર મુજબના પુરાવાના અંતે વાદી તરફે આંક–૩૩ થી પુરાવા બંધની પુરસીસ રજૂ થયેલ છે. હાલના કામે પ્રતિવાદી તરફે કોઈ પુરાવો રજૂ નહી કરતા, પ્રતિવાદીના પુરાવાનો હકક બંધ કરવામાં આવેલ છે. ત્યારબાદ વાદીના વિધ્વાન વકીલશ્રીની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે. જયારે પ્રતિવાદી તરફે દલીલો માટે કોઈ હાજર નથી.

(૫) આ દાવાના નિર્ણય માટે આંક–૭ થી અત્રેની અદાલત દ્વારા નીચે મુજબના

મુદ્દાઓ કાઢવામાં આવેલ છે :–

1. Whether the plaintiff proves that the defendant has defaulted in paying the bill amount to the plaintiff company?
2. Whether the plaintiff proves that they are entitled to recover Rs. 15,165.58/- along with the interest from the defendant?
3. If answer to Issue no. 3 is in affirmative at what rate of interest?
4. Whether the plaintiff entitled to relief as prayed for?
5. What order and decree?

(૬) આ કામે કાઢવામાં આવેલ મુદ્દાઓના મારા નિર્ણયો કારણો સહિત નીચે મુજબ છે :–

૧. હકારમાં,

૨. હકારમાં,

૩. વાર્ષિક–૬ ટકા,

૪. હકારમાં,

૫. આખરી હુકમ મુજબ.

**<u>–: નિર્ણયનાં કારણો :–</u>**

**<u>મુદ્દા નં.૧ થી ૪ ની સંયુકત ચર્ચા:–</u>**

(૭) ઉપરોકત તમામ મુદ્દાઓની હકીકત પરસ્પર એકબીજા સાથે સંકળાયેલ હોય, જેથી પુનરાવર્તન ટાળવાના આશયથી તમામ મુદ્દાઓની ચર્ચા અત્રે એક સાથે કરવામાં આવેલ છે. આ કામે વાદી ધ્વારા આંક–૧૨ થી સી.પી.સી. ઓર્ડર–૧૮, રૂલ–૪ મુજબ સોગંદનામા સ્વરૂપે જુબાની રજૂ કરેલ છે, જે ધ્યાને લેતા તેમાં આંક–૧ ની દાવા અરજી મુજબની વિગતોનું પુનરાવર્તન કરેલ છે, જેથી તેની પુન: ચર્ચા કરવામાં આવતી નથી. આ કામે પ્રતિવાદીને દાવા

નો સમન્સ બજી જવા છતા તેઓ એ દાવા જવાબ રજુ કરેલો નથી કે વાદીની ઉલટતપાસ પણ કરેલ નથી, તેમજ વાદી તરફે રજૂ થયેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવાનું ખંડન કરેલ નથી. આમ, પ્રતિવાદીએ દાવા ના કામે હાજર રહી અને પોતાના બચાવ માટે લેશમાત્ર તસ્દી લીધેલ નથી. જેથી પ્રતિવાદી તરફે વાદીની દાવા અરજીમાં જણાવેલ રકમ પ્રતિવાદી પાસેથી વસુલ મેળવવા વાદી હકકદાર નહી હોવા અંગેનો કોઈ જ પુરાવો આ કામે રજૂ થવા પામેલ નથી, તે સંજોગોમાં વાદીએ દાવા અરજીની તપસીલમાં જણાવેલ રકમ વાદી પ્રતિવાદી પાસેથી મેળવવા હકકદાર નહી હોવાનું માનવાને કોઈ કારણ રહેતુ નથી. **જેથી મુદ્દા નં. ૧ નો જવાબ હકારમાં આપવામાં આવે છે.**

(૮) હવે, જયારે વાદીની સોગંદ પરની જુબાની અને રજૂ થયેલ દસ્તાવેજી પુરાવા મુજબ વાદી કાયદેસરના બાકી લેણા રૂા.૧૫,૧૬૫.૫૮/- પૈસા પ્રતિવાદી પાસેથી મેળવવા હકકદાર બનેલ છે અને વાદીએ દાવા અરજીમાં જણાવ્યા મુજબના વાર્ષિક વ્યાજ લેખે વ્યાજ સહિત ચૂકવી આપે તેવો હુકમ ફરમાવવા અરજ કરેલ છે, ત્યારે હાલનો દાવો નાણાં વસુલ મેળવવા અંગેનું હુકમનામુ મેળવવા અંગેનો અને વાદીની રકમ રૂા.૧૫,૧૬૫.૫૮/-પૈસા પુરાવાથી નકકી થતી હોય, ત્યારે સી.પી.સી. કલમ-૩૪ મુજબ તે રકમ ઉપર દાવા તારીખથી રકમ વસુલ થતાં લગી વાર્ષિક ૬% લેખે વ્યાજ ચૂકવવુ વ્યાજબી અને ન્યાયોચિત ગણાશે, જેથી **મુદ્દા નં. ૨ નો જવાબ હકારમાં આપી તે મુજબ મુદ્દા નં. ૩ પણ નિર્ણિત કરવામાં આવે છે.**

(૯) આમ, પ્રતિવાદી પક્ષે વાદીના રજૂ થયેલ તમામ પુરાવાને સ્પષ્ટ રીતે નકારતો કોઈ જ સચોટ પુરાવો રજૂ નથી, તેવા સંજોગોમાં ઉપર ચર્ચા કર્યા મુજબ વાદીનું

પ્રતિવાદી પાસે કાયદેસરનું લેણું પુરવાર થયેલ હોઈ, જેથી વાદીએ પોતાનો દાવો પુરવાર કરેલ હોઈ વાદી તેમના દાવામાં માંગેલ દાદ મેળવવા હકકદાર થતા હોઈ, તે સંજોગોમાં **મુદ્દા નં. ૪ નો જવાબ હકારમાં આપી, મુદ્દા નં. ૫ અન્વયે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.**

## -: આખરી હુકમ :-

- વાદીનો દાવો આથી અંશત: મંજુર કરવામાં આવે છે.
- વાદી, પ્રતિવાદી પાસેથી રૂા.૧૫,૧૬૫.૫૮/- પૈસા દાવા તારીખથી વસુલ આવે ત્યાં સુધી વાર્ષિક ૬ % ના વ્યાજના દરે વસુલ મેળવવા હકકદાર છે, તેવો હુકમ કરવામાં આવે છે.
- વાદીને થયેલ દાવાનો ખર્ચ પ્રતિવાદીપક્ષ પાસે વસુલ મેળવવા વાદીપક્ષ હકકદાર છે, તેવો હુકમ કરવામાં આવે છે.
- હુકમ મુજબ હુકમનામુ દોરવુ.

હુકમ આજ રોજ તા. ૦૩, માહે-એપ્રીલ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ: ૦૩-૦૪-૨૦૨૬
સ્થળ : દહેગામ.

**(વિશાલ પી. મહેતા)**
પ્રિન્સી.સિવિલ જજ, દહેગામ
UIC: GJ01538